Accredited **Grade A** by NAAC

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
ફોન નં.૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ) ૨૧૪

**સંદર્ભ :–** ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૦૪–૦૬–'૧૬ નો પત્ર ક્રમાંક : સીએચઈ / પીએસ / ૨૦૧૬ / ૧૬૮૬૬–૭૨

**પરિપત્ર :–**

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ પરનાં પત્રની વિગતે ટુંક સમયમાં ચોમાસાની ઋતુ શરૂ થનાર હોય સંસ્થામાં પીવાના પાણી, તેમજ અન્ય ઉપયોગ માટેના પાણીની જરૂરીયાત, સંસ્થાઓના વિશાળ મેદાનોમાં બાગ–બગીચાઓની જાળવણી માટે પાણીની મોટા પાયે જરૂરીયાત ઉપસ્થિત થતી હોય છે, ખુલ્લા મેદાનોમાંથી વરસાદી પાણી વહી જાય છે આ વહી જતા વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાય તે બાબત ખૂબ જ ઉપયોગી બની રહે તેમ હોય તેમજ એક વાર ખર્ચ કર્યા બાદ તેનું કાયમી વળતર પણ મળે તેમજ બાગ બગીચાને પાણી આપવા માટે અને રોજબરોજના ઉપયોગ માટે પાણી ઉપલબ્ધ રહે, સ્વચ્છતા જાળવવામાં પણ આ બાબત મદદરૂપ થાય તેમ હોય ચોમાસાની આગામી ઋતુ દરમ્યાન વરસાદના વહી જતા પાણીને રોકવા વોટર હાર્વેસ્ટીગ સ્ટકચર્સ બનાવવા અંગે કોલેજ કક્ષાએથી કાર્યવાહી કરવાની રહેતી હોય સંદર્ભ પત્ર આ સાથે સામેલ રાખેલ છે જે મુજબ યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી.

કુલસચિવ

**બિડાણ :–** સંદર્ભ પત્ર

નં. જોડાણ / ૨ / ૫૭૯ / '૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા. ૧૬/ ૦૬ / '૧૬

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ (યોગ્ય કાર્યવાહી અર્થે).....

**નકલ રવાના :–**

૧) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૨) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે

ક્રમાંક:સીએચઇ/પીએસ/૨૦૧૬/[illegible]
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૨,
ગુ. રા., ગાંધીનગર,
તા.૦૪/૦૬/૨૦૧૬

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટીઓ
- આચાર્યશ્રી, તમામ સરકારી તથા અનુદાનિત કોલેજો

<u>વિષય</u> :- <u>વરસાદી પાણીના સંગ્રહ માટે જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરવા બાબત</u>

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ટુંક સમયમાં ચોમાસાની ઋતુ શરૂ થનાર છે. સંસ્થામાં પીવાના પાણી, તેમજ અન્ય ઉપયોગ માટેના પાણીની જરૂરીયાત, સંસ્થાઓના વિશાળ મેદાનોમાં બાગ-બગીચાઓની જાળવણી માટે પાણીની મોટા પાયે જરૂરીયાત ઉપસ્થિત થાય છે. પાણીની ઓછી ઉપલબ્ધિ હોવાની બાબત માનવીય જીવનને વિપરીત અસર કરતી બાબત છે. તેનાથી આપ વાકેફ છો જ. ચોમાસાની ઋતુમાં યુનિવર્સિટીઓના, કોલેજોના મોટા ભવનો ઉપરથી તેમજ ખુલ્લા મેદાનોમાંથી વરસાદી પાણી વહી જાય છે, આ વહી જતા વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાય તો તે બાબત ખૂબજ ઉપયોગી બની રહે તેમ છે. એક વાર ખર્ચ કર્યા બાદ તેનુ કાયમી વળતર પણ મળે છે. બાગ-બગીચાને પાણી આપવા માટે અને રોજબરોજના ઉપયોગ માટે પાણી ઉપલબ્ધ રહે છે તેમજ સ્વચ્છતા જાળવવામાં પણ આ બાબત મદદરૂપ થાય છે. આથી ચોમાસાની આગામી ઋતુ દરમ્યાન વરસાદના વહી જતા પાણીને રોકવા વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર્સ બનાવવા વિનંતી કરવામાં આવે છે.

વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર વૈજ્ઞાનિક રીતે બનાવવામાં આવે તે જરૂરી છે. આ બાબત આસપાસના સમાજને, વિદ્યાર્થીઓને પણ પાણીના સંગ્રહનું મહત્વ સમજાવવામાં ખૂબ અગત્યનો ભાગ ભજવશે. આથી આ બાબતે જરૂરી કાર્યવાહી ચોમાસાની ઋતુ શરૂ થાય તે પહેલા કરવા વિનંતી છે.

આપે કરેલ કાર્યવાહીની વિગતો અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી છે.

( એ. જે. શાહ )
ઉચ્ચ શિક્ષણ કમિશ્નર,
ગુ.રા. ગાંધીનગર.

E:\Amit Data Entry\A.J.SHAH\ચોમાસુ.docx

<u>નકલ રવાના - જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ</u>

- કલેક્ટરશ્રી તમામ,
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ,
- કાર્યપાલક ઈજનેરશ્રી,સિંચાઈ, તમામ,
- કાર્યપાલક ઈજનેરશ્રી, પાણી પૂરવઠા તરફ

<u>નકલ સવિનય રવાના:</u>

અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં. ૫/૮, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ અર્થે